# શ્વાસોની માળામાં સમરુ હું તારું નામ

શ્વાસોની માળામાં, સમરુ હું તારું નામ (૨)
બની જાઉં તારો, ગુરુમા, કરુણાનિધાન (૨)
શ્વાસોની માળામાં, સમરુ હું તારું નામ (૨)

સંતોની સેવા કરતો રહું હું, ચરણોમાં મસ્તક ધરતો રહું હું (૨)
ભરજે તું ઝોળી, ગુરુમા, ઓ ગુરુમા (૨)
શ્વાસોની માળામાં, સમરુ હું તારું નામ (૨)

ઈચ્છા છે મારી, તારા જેવો થાઉં, સંયમ સ્વીકારીને મોક્ષે હું જાઉં (૨)
તન-મન મારું, ગુરુમા, તુજ પર કુરબાન (૨)
શ્વાસોની માળામાં, સમરુ હું તારું નામ (૨)

કૃપા કરો એવી, ખીલે તત્વ મારું, છોડીને જંજાળો, બની જાઉં તારો (૨)
જે દિન હું વિસરું, તુજને, તૂટે મારા પ્રાણ (૨)
શ્વાસોની માળામાં, સમરુ હું તારું નામ (૨)

ઝાલો મારો હાથ, હું ભટકી ન જાઉં, સુખોમાં રહી તુજને, વિસરી ન જાઉં (૨)
તારો સમજી મુજને, આપી દે, ચરણોમાં સ્થાન (૨)
શ્વાસોની માળામાં, સમરુ હું તારું નામ (૨)

ભક્તોના દિલમાં, છે જેનું સ્થાન, ચંદ્રશેખરવિજયજી એનું નામ (૨)
શાસનના કાજે કર્યું છે, જીવનને કુરબાન (૨)
શ્વાસોની માળામાં, સમરુ હું તારું નામ (૨)
બની જાઉં તારો, ગુરુમા, કરુણાનિધાન (૨)
શ્વાસોની માળામાં, સમરુ હું તારું નામ (૩)

2016-08-21
https://www.youtube.com/watch?v=FLOjdFUDjbo&feature=youtu.be